**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૯.૮ ડીગ્રી
લઘુતમ : ૧૪.૨ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૨૯ ટકા

# સિવિલમાં વોટર એટીએમ પ્રોજેકટનો ફિયાસ્કો

ગાંધીનગર, તા.૬


ગાંધીનગર સિવિલ કેમ્પસ ખાતે વોટર એટીએમ પ્રોજેકટ અમલમાં મુકવામાં આવ્યો હતો. આ પ્રોજેકટ અંતર્ગત જે તે કંપનીને જમીન પણ સ્ટ્રકચર ઉભુ કરવા માટે આપી દેવાઈ હતી તેના પર સ્ટ્રકચર પણ તૈયાર થઈ ગયું છે. ત્યારે પાણીના કનેકશન અને વીજ લાઈનને લઈને વાંધો પડતા આ પ્રોજેકટ શરુ થતા પહેલા તેનું બાળ મરણ થવા પામ્યું છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ કેમ્પ્સ ખાતે ઉનાળાની ગરમીમાં દર્દીઓના સામાન્ય દરે ઠંડુ પાણી મળી રહે તે માટે ખાનગી કંપની દ્વારા વોટર એટીએમ ફીટ કરવાનો



પ્રસ્તાવ મુકવામાં આવ્યો હતો.ત્યારબાદ તંત્ર દ્વારા ડ્રાઈવર રુમની સામે આવેલ ગાર્ડનમાં જમીન પણ ફાળવી દેવામાં આવી હતી.જેને પગલે ખાનગી કંપની દ્વારા તાત્કાલીક ધોરણે સ્ટ્રકચર પણ ઉભુ કરી દેવાયું હતું. પરંતુ કયા કારણોસર આ પ્રોજેકટમાં વિલંબ થઈ રહ્યો છે તે કોઈ ચોક્કસ જાણતુ નથી. જયારે આ પ્રોજેકટને કોઈનું ગ્રહણ લાગી ગયું કે કેમ ? હાલ આ વોટર એટીએમ પ્રોજેકટ શહેરના ડીસ્ટ્રીકટ શોંપીગ સેન્ટર ખાતે ચાલી રહ્યો છે. જયા નગરજનો ઠંડા પાણીનો લાભ લઈ રહ્યા છે. ત્યારે સિવિલના અંતરંગ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ આ વોટર એટીએમને પાણીનું કનેકશન અને વીજ મીટરમાં ગુંચવાડો ઉભો થયો છે. પહેલા ટેન્કરથી પાણી વાત ખાનગી કંપનીવાળાએ કરી હતી ત્યારબાદ સિવિલમાંથી કનેકશન લીધુ હતું. જેથી તે કનેકશન પણ સિવિલ તંત્ર દ્વારા બંધ કરી દેવાયું છે. જયારે સિવિલમાંથી લાઈટ માટે પણ ચોખ્ખી ના પાડી દેવામાં આવી છે. જેને પગલે આ વોટર એટીએમ પ્રોજેકટ શરુ થતા પહેલા જ તેનું બાળમરણ થયું છે. તો બીજી તરફ તાત્કાલીક ધોરણે વોટર એટીએમનું સ્ટ્રકચર ઉભુ કરવામાં આવ્યું હોવાથી જે તે કંપનીને લાખો રૂપીયાના નુકશાન વેઠવાનો વારો આવ્યો છે. ત્યારે હવે આ વોટર એટીએમ પ્રોજેકટ શરુ થશે કે કેમ તે હાલ પુરતુ કોઈ કહી શકે તેમ નથી.

# પેથાપુર ચરેડી માર્ગ પર અચાનક કાર સળગી ઉઠી



ગાંધીનગર થી પેથાપુર જતી એસેન્ટ કાર નં.જી.જે.૫.સી.એચ.-૪૮૧૮ બપોરના ૧૨ કલાકના અરસામાં ચરેડી પાણીની ટાંકી પાસે અચાનક સળગી ઉઠી હતી. કારમાં આગ લાગી હોવાની ઘટનાની જાણ થતા ગાંધીનગર ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલીક પહોંચી ગઈ હતી અને પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો. જો કે કાર સંપૂર્ણ પણે બળીને ખાક થઈ જવા પામી છે. પરંતુ આ ઘટનામાં સદનસીબે કોઈ જાનહાની થવા પામી નથી. માર્ગ વચાળે કાર સળગતા થોડીવાર માટે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી.

# પેથાપુર ખાતેથી ક્રિકેટનો સટ્ટોડીયો પકડાયો

ગાંધીનગર, તા.૬

ભારત-ઓસ્ટ્રેલીયાની મેચ પર સટ્ટો રમાડતા એક શખ્સને પેથાપુર પોલીસે પકડી પાડ્યો છે. આ શખ્સ પેથાપુર ચોકડી થી ચરેડી વડની વચ્ચેના માર્ગ પર



બાઈક સાઈડમાં પાર્ક કરીને બાઈક પર બેસીને જાહેરમાં ક્રિકેટનો સટ્ટો રમાડતો હતો. પોલીસે તેની પાસેથી અંગઝડતીમાંથી રોકડ રૂ. ૬૦,૯૦૦ તેમજ મોબાઈલ નંગ.૩ કિ. રૂ.૪,૦૦૦ ડાયરી, હોન્ડા સાઈન બાઈક નં. જી.જે.૧૮.સી.એચ. ૫૭૫૬ કિ. રૂ.૨૦,૦૦૦ મળીને કુલ રૂ. ૮૪,૯૦૦ નો મુદ્દામાલ રેઈડ દરમિયાન પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ પેથાપુર પોલીસ પેટ્રોલીગમાં હતા તે સમયે પો.કો.પ્રદિપસિંહ દિલાવરસિંહ અને અલ્પેશસિંહ દશરથસિંહને સંયુકત રીતે ખાનગી રાહે બાતમી મળી હતી કે પેથાપુર કંસારફળીમાં રહેતો આકાશ દિપક સોની પોતાના આર્થિક અંગત લાભ માટે પૈસાનો હારજીતનો અલગ અલગ ગ્રાહકો રાખી ક્રિકેટનો સટ્ટો પેથાપુર ચાર રસ્તાથી પેથાપુર ચરેડી વડ જતા માર્ગ પર બાઈક માર્ગની બાજુમાં પાર્ક કરીને બાઈક પર બેસીને જાહેરમાં સટ્ટો રમાડી રહ્યો છે. જેને પગલે પોલીસ બાતમીવાળા સ્થાને તપાસ કરતા પોલીસને પેથાપુરનો આકાશ સોની પકડી પાડ્યો હતો. તેની અંગજડતીમાં રૂ. ૬૦, ૯૦૦, મોબાઈલ નંગ-૩ કિ.૪૦૦૦ , ડાયરી, પેન સહિત બાઈક કિ.૨૦,૦૦૦ મળી કુલ રૂ. ૮૪,૯૦૦ નો મુદ્દામાલ રેઈડ દરમિયાન કબ્જે કરી પોલીસે આગળની તપાસ શરુ કરી છે.

# ''સિરાજ-૨૦૧૯''ના ઉદ્‌ઘાટન પ્રસંગે ગુજરાતી અભિનેતા યશ સોની ઉપસ્થિત રહ્યાં




ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરના સેક્ટર-૨૩ સ્થિત કડી કેમ્પસ ખાતે કેએસવી સંલગ્ન એસ.કે. પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર સ્ટડીઝ એમબીએ દ્વારા ''સિરાજ ૨૦૧૯'' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમના ઉદ્‌ઘાટન પ્રસંગે ગુજરાતી અર્બન ફિલ્મો ''છેલ્લો દિવસ'' અને ''ચાલ જીવી લઈએ''ના મુખ્ય કલાકાર યશ સોનીએ ઉપસ્થિત રહી યુવા વિદ્યાર્થીઓના દિલ જીતી લીધા હતા. ''સિરાજ-૨૦૧૯''માં વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ મેનેજમેન્ટ સ્પર્ધાઓ જેવી કે ક્વીઝ, હેચ યોર આઈડિયા'' વગેરેનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ગુજરાતભરમાંથી વિવિધ કોલેજના અંદાજે એક હજાર જેટલાં વિદ્યાર્થીઓ ભાગ લઈ રહ્યાં છે. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ થાય તે હેતુથી આ કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.

# ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં થેલેસેમિયા ચેકઅપ યોજાયુ





ગાંધીનગરના સેકટર-૭માં પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ ખાતે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની રાજય તથા જિલ્લા શાખા દ્વારા તા. ૫મી માર્ચના રોજ થેલેસેમિયા ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં કુલ ૩૦૬ વિદ્યાર્થીનીઓએ માઈનોર સ્કીનીંગ કરાવ્યું હતું.

થેલેસેમિયા એ આનુવંશિક રીતે થતો રોગ છે અને બે થેલેસેમિયા માઈનોર વિજાતીય પાત્રોના લગ્નથી બાળક થેલેસેમિયા મેજર જન્મવાની શકયતા ખૂબ વધી જાય છે. આ બાબતને અનુલક્ષીને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા થેલેસેમિયા અંગે જાગૃતિ લાવવાનું બીડું ઝડપવામાં આવ્યું છે. આ અંતર્ગત સે-૭ની ચૌધરી મહિલા આર્ટસ કોલેજ ખાતે થેલેસેમિયા ચેકઅપ કેમ્પ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ઈન્ડિયન રેડક્રોસની રાજય શાખાના ડૉ. નિલેશભાઈ, રાહુલભાઈ તથા ભરતભાઈ શ્રીમાળી જયારે કોલેજના એનએસએસના પ્રોગ્રામ ઓફિસર ડૉ. નરેન્દ્ર પટેલ, આચાર્ય ડૉ. એમ.એમ. ચૌધરી તથા રેડક્રોસની જિલ્લા શાખાના જે.એન. પરીખ, મગનભાઈ, મિલીન્દ ગુપ્તે, નિલેન્દુભાઈ, ગોવિંદભાઈ, એમ.એમ. સોલંકી, હેમાંગ દોશી તથા ડૉ. હાર્દિક તલાટી અને જીલુભા ધાંધલ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન અશ્વિનભાઈ દવેએ કર્યું હતું.

# સે-૭ની સરકારી પ્રાથમિક શાળામાં વાર્તા લેખન-કવિતા લેખન સ્પર્ધા યોજાઈ





ગાંધીનગર, તા.૬

ગાંધીનગરના સેકટર-૭માં સરકારી પ્રાથમિક શાળાના બાળકો માટે આત્મન ફાઉન્ડેશન દ્વારા તા. ૫મી માર્ચના રોજ વાર્તા કથન અને કાવ્ય લેખન સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં ધોરણ-૫ થી ૮માં અભ્યાસ કરતા ૭૦થી વધુ બાળકોએ ભાગ લીધો હતો.

આત્મન ફાઉન્ડેશન દ્વારા આયોજિત વાર્તા કથન અને કાવ્ય લેખન સ્પર્ધામાં બાળકોએ ગામ, જંગલ, સાપ, પરી, કાચબો, કબુતર, ખેડુત, રાજા, સસલું, મગર જેવા વિવિધ વિષય પાત્રોની વાર્તાઓ રજુ કરી હતી. વાર્તાલેખન સ્પર્ધામાં ૩૭ અને કાવ્ય લેખન સ્પર્ધામાં ૩૫ જેટલા બાળકોએ ભાગ લીધો હતો. બાળકોએ શીઘ્ર કાવ્ય લેખન કર્યું હતું. ઉલ્લેખનીય છે કે અંગ્રેજી માધ્યમના ઓછાયા તળે બાળકોની વાર્તાલેખન કે કાવ્ય લેખન કળા ઓસરતી જાય છે ત્યારે આ પ્રકારની સ્પર્ધાઓ બાળકોને ખૂબ ઉપયોગી સાબિત થઈ રહી છે. સંસ્થા દ્વારા શાળાના બાળકોને શુભેચ્છા ભેટ આપવામાં આવી હતી. આ પ્રસંગે ઉચ્ચ નિવૃત્ત અધિકારી વાગ્મીન બુચ, રણછોડભાઈ પરમાર, શાળાના આચાર્યા જાગૃતિબેન કડિયા ઉપરાંત ભગવતીબેન તથા આત્મન ફાઉન્ડેશનના પ્રજ્ઞાબેન પટેલ સહિત અન્ય શિક્ષકો પણ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં બાળકોએ સમૂહમાં ગીતો ગાયા હતા.

# ચિલોડા બ્રહ્માકુમારીઝ ખાતે મહાશિવરાત્રી મહોત્સવની ધામધૂમપૂર્વક ઉજવણી કરાઈ





ચિલોડા, તા.૬

મહાશિવરાત્રી પર્વ નિમિત્તે ચિલોડા સ્થિત બ્રહ્માકુમારી જગદંબાભવન દ્વારા મહાશિવરાત્રી મહોત્સવનું ખૂબ ભકિત અને શ્રધ્ધાપૂર્વક વિવિધ ધાર્મિક કાર્યક્રમો દ્વારા ઉજવણીનું કરવામાં આવ્યું હતું. મહાશિવરાત્રી મહોત્સવમાં બ્રહ્માકુમારી કેન્દ્ર દ્વારા કે.એમ. યાદવ ડીઆઈજીપી સી.આરપીએફના હસ્તે શિવ પરમાત્માનો ધ્વજારોહણ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે શિવભકતો દ્વારા શિવ પરમાત્માના સંદેશ માટે રંગબેરંગી ફુગ્ગા સાથે સંદેશ પત્રિકા આકાશમાં લહેરાવવામાં આવી હતી. ત્યારબાદ ૭ ફૂટ બર્ફીલા શિવલિંગ અને સર્વ ધર્માત્માઓના પિતા પરમાત્માની ચૈતન્ય ઝાંખીનું મુખ્ય મહેમાનના હસ્તે ઉદઘાટન કરી ખુલ્લુ મુકવામાં આવ્યું હતું. આ પ્રસંગે શિવયોગ અનુભૂતિ વિડિયો શૉ રજુ કરવામાં આવ્યો હતો. શિવ પરમાત્માના ૮૩મા જન્મજયંતિ નિમિત્તે કેક કાપી ઉજવણી કરાઈ હતી. આ પ્રસંગે કે.એમ. યાદવ, ડીઆઈજીપી તથા રાજયોગિની કૈલાસદીદીએ પ્રેરણાદાયી પ્રવચન આપી આર્શીવચનો પાઠવ્યા હતા. આ કાર્યક્રમમાં ૨૫ ગામોના બ્રહ્માકુમારી ભાઈ બહેનોએ મહાશિવરાત્રી મહોત્સવમાં ભકિતભાવપૂર્વક મહાપ્રસાદ લઈ વિવિધ ધાર્મિક કાર્યક્રમોમાં જોડાઈ ધન્યતા અનુભવી હતી.

પરમાત્માની યાદ સાથે ચિલોડા સેવા કેન્દ્રના સંચાલિકા રાજયોગિની બી.કે. તારાદીદીએ આભારવિધિ કરી સૌનો આભાર વ્યકત કર્યો હતો.

# સે-૨૮માં સરકારી ઈજનેરી કોલેજમાં પક્ષી પર્વ ઉજવાયું





ગાંધીનગર, તા.૬

ઉનાળાનું આગમન થઈ ચુકયું છે અને ગરમીમાં ફકત માનવી જ નહી પ્રાણીઓ-પક્ષીઓને પણ વારંવાર તરસ છીપાવવાની જરુર પડે છે. આ બાબતને અનુલક્ષીને શહેરની સેકટર-૨૮ ખાતેની સરકારી ઈજનેરી કોલેજના એનએસએસ યુનિટ દ્વારા 'પક્ષી પર્વ'ની ઉજવણી કરવામાં આવી હતી. પક્ષી પર્વમાં વિદ્યાર્થીઓ દ્વારા કોલેજ કેમ્પસમાં પક્ષીઓને પાણી પીવા માટેના શકોરાં વિવિધ જગ્યાએ મુકવામાં આવ્યા હતા. કોલેજના એનએસએસ યુનિટના સ્વયંસેવકો દ્વારા દરરોજ આ શકોરામાં પાણી ભરવાની જવાબદારી ઉઠાવવામાં આવી છે. પક્ષી પર્વ માટે શકોરા લાવવા કોલેજના વિદ્યાર્થીઓ તથા અધ્યાપક ગણ દ્વારા સહકાર પુરો પાડવામાં આવ્યો હતો.



# વાઈબ્રન્ટ ઈન્ડિયા થીમ હેઠળ ગુજરાતની છબી લંડનમાં રજુ કરાઈ

ગાંધીનગર, તા.૬

આઈએનઆઈએફડી ગાંધીનગરની રિચા પાટડિયા દ્વારા લંડન ફેશન વીકમાં 'વાઈબ્રન્ટ ઈન્ડિયા' થીમ હેઠળ અમદાવાદના ઢાલગરવાડ અને સુરતના બજારોમાંથી ખરીદેલા ફેબ્રિકનો ઉપયોગ કરી ડિઝાઈનર ગાર્મેન્ટસ રજુ કરાયા હતા.

ફેશન ડિઝાઈનિંગ ભણાવતી સંસ્થા આઈએનઆઈએફડીની વિદ્યાર્થીની રિચા પાટડિયાએ વાઈબ્રન્ટ ઈન્ડિયા થીમ હેઠળ લંડન ફેશન વીકમાં ભાગ લીધો હતો. અને અમદાવાદના ઢાલગરવાડ અને સુરતના નાના બજારોમાંથી ખરીદેલા ફેબ્રિકનો ઉપયોગ કરી કુલ ૬ ડિઝાઈન્સ મેક ઈન ઈન્ડિયાના જુદા જુદા લોગો સાથે રજુ કરી હતી. ૨ મહિનાની ફેશન શૉની તૈયારીના ભાગરૂપે તેમાં ટ્રક આર્ટ, પ્રિન્ટ આર્ટ, એપ્લિક અને પેચ વર્કના સમાવેશ સાથે ફેબ્રિક પસંદ કરવાથી લઈ ડિઝાઈન્સ તેમના દ્વારા તૈયાર કરવામાં આવી હતી.





જે.એમ. ચૌધરી સાર્વજનિક પ્રાથમિક શાળાનો ૩૫મો વાર્ષિકોત્સવ સે-૧૭, ટાઉનહોલ ખાતે યોજાયો હતો. જેમાં સર્વપ્રથમ શહીદોને શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી. ત્યારબાદ ગણેશ સ્તુતી અને ભારતના તહેવારોને ધ્યાનમાં રાખી તેના અનુસંધાનમાં સમગ્ર કાર્યક્રમ પ્રસ્તુત કરવામાં આવ્યો હતો. આ વાર્ષિકોત્સવમાં ૬૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.